# સુલોચનાની ચતુરાઈ

— જગદીશ ઘનેશ્વર ભટ્ટ

સુલોચના હેમચંદ શેઠની એકની એક દીકરી હતી. તે બાળપણથી ઘણી ચતુર હતી.

એક દહાડો એ પોતાની બહેનપણીઓ સાથે ગામને પાદર આવેલી નદીને કિનારે ગઈ હતી. એવામાં બીજા ગામના રૂપચંદ શેઠ ત્યાં આવી પહોંચ્યા. રૂપચંદ શેઠ દીકરાને લાયક કન્યા શોધવા નીકળ્યા હતા. તેમને સુલોચના રૂપ, ગુણ, ચતુરાઈના ગુણો વાળી જણાઈ.

એમણે ગામમાં ધર્મશાળા છે કે નહીં તે બાબતે બહેનપણીઓને પૂછ્યું. સુલોચનાએ હા પાડી અને જાણી લીધું કે શેઠ પણ તેમની જ્ઞાતિના હતા. તે શેઠને પોતાને ઘેર લઈ ગઈ. રૂપચંદ શેઠે જાણી લીધું કે સુલોચના હેમચંદ શેઠની લાડકી દીકરી છે. હેમચંદ શેઠનું નામ આસપાસનાં ગામોમાં જાણીતું હતું.

રૂપચંદ શેઠે સુલોચનાને પૂછ્યું કે, હેમચંદ શેઠ ઘેર છે કે નહીં.

સુલોચનાએ જવાબ આપ્યો કે, ''આવશે તો નહીં આવે અને નહીં આવે તો આવશે.''

'એટલે'

''એમ કે વાદળાં ઉભરાયાં છે, તે જો વરસાદ આવશે તો શેઠ નહીં આવે, અને વરસાદ નહીં આવે તો શેઠ આવશે. રસ્તાની નદી બે કાંઠે આવે છે તેથી.''

સાંભળીને રૂપચંદ શેઠ સુલોચનાની ચતુરાઈ ઉપર વારી ગયા.

તેમણે કહ્યું, મારે એક નીમ છે.

શાનું નીમ છે ?

કે પરદેશ જવું પણ ચોખા તો મારા ગામના જ ખાવા ઠીક સુલોચના બોલી.

રૂપચંદ શેઠે ખેસે બાંધેલા ચોખા છોડીને સુલોચનાને આપ્યા. સુલોચના લઈ ગઈ. એને ચોખા ભારે લાગ્યા. ધ્યાન દઈને જોયું તો ખબર પડી કે એ તો આરસપહાણના બનાવેલા હતા.



મહેમાનની પક્કાઈ જોઈને એ મનોમન હસી. આનો તો જવાબ બરાબર આપવો જોઈએ એમ સુલોચનાએ વિચાર્યું. પોતાના ગામનું પાણી બતાવવું જોઈએ એવો વિચાર કરીને સુલોચના ઊઠી. આસપાસમાં લુહારના ઘેર ગઈ. એ લુહારે ઠાકોર સાહેબની કુંવરીને રમવા માટે આબેહૂબ લોઢાના ચણા બનાવ્યા હતા. ખબર પણ ના પડે કે તે ચણા લોઢાના

છે. પરખાતા ન હતા. લુહારે ખુશ થઈને બે મુઠ્ઠી ચણા સુલોચનાને આપ્યા. તે રૂપચંદ શેઠને આપતાં બોલી; ''રસોઈની વાર છે. ત્યાં સુધી અમારે ત્યાંની આ નવાઈ પણ ચાખી જુઓ.''

રૂપચંદ શેઠે ચણા લઈને મોઢામાં નાંખ્યા. ચાવવા ગયા પણ ચવાયા નહીં ત્યારે એમને ખબર પડી કે પોતાના આરસપહાણના ચોખાનો આ જવાબ હતો. ચોખા ઓળખાઈ ગયા હતા. પણ શેઠ ચણા ઓળખવામાં થાપ ખાઈ ગયા હતા. એટલે ચોખા કરતાં ચણાની કારીગરી સવાઈ હતી. ફૂલચંદ શેઠ સુલોચનાની ચતુરાઈથી બહુજ ખુશ થયા.

બે દિવસ મહેમાનગતિ માણીને શેઠ ઘેર ગયા અને પોતાના ગોર મારફતે પોતાના દીકરા માટે સુલોચનાનું માંગું કરાવ્યું. હેમચંદ શેઠ રાજી થયા અને બે સંસ્કારી કુટુંબો વચ્ચે સુંદર સંબંધ બંધાયો જે કાયમ રહ્યો.

સુલોચનાની ચતુરાઈએ આમાં ભાગ ભજવ્યો. તે સુખી થઈ. કુટુંબ સખી થયું.

■